**આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર અને કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદનાં સંયુક્ત ઉપક્રમે દેવગઢ બારીઆ કેન્દ્ર હસ્તક ચાલતી આદિવાસી મહીલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અતંર્ગત નાગલીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને તેનું મૂલ્યવર્ધન વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો**

-------------------------------------------------------------------------

આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર અને કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદનાં સંયુક્ત ઉપક્રમે દેવગઢ બારીઆ કેન્દ્ર હસ્તક ચાલતી આદિવાસી મહીલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અતંર્ગત તારીખ ૦૫/૦૭/૨૦૨૩ ના રોજ નાગલીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને તેનું મૂલ્યવર્ધન વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો. આ તાલીમ વર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટી ના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્રના વડા ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ વિશે મહિલા ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા નાગલી પાકમાં સંકલિત રોગ- જીવાત નિયંત્રણ, ડૉ. વિકાસ પાલી દ્વારા નાગલીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ, ડૉ. અનિકેત માકાણી દ્વારા હલકાં ધાન્ય પાકોની નવીન જાતોની સમજણ, અને ડૉ.એકતા.એચ.પંડ્યા દ્વારા નાગલીના મૂલ્યવર્ધન ઉપર મહિલા ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . વધુમાં આ તાલીમ અંતર્ગત નાગલી (હલકા ધાન્ય) ની જુદી જુદી બનાવટો જેવીકે શીરો, ઉત્તપમ, મમરા, મમરી, લાડુ, સક્કરપારા અને પાપડી વગેરેનું પ્રયોગિકરૂપે બનાવીને માહિતગાર કરવામાં આવ્યા. જેમાં ભાગ લીધેલ મહિલાઓને આકૃયુ દે.બારીયા દ્વારા ખેડૂત તાલીમાર્થીઓને વિનામુલ્યે પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યુ. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન ડૉ.એચ.કે.દેસાઇ અને ડૉ.એકતા.એચ.પંડ્યા અને યંગ પ્રોફેસનલ સપના મુનિયા દ્વારા કરવામાં આવેલ જે થકી કુલ ૩૫ જેટલા મોટી મંગોઈ, નાની ઝરી અને રેબારી ગામની મહિલા ખેડૂતોએ ભાગ લીધેલ.


આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ








રાગીના લાડવા
રાગીના સકરપારા
રાગી પાપડી
રાગી વેજ ઉત્તપમ
રાગીનુ ચવાણુ
રાગી શીરો
રાગી મમરા
રાગી મમરી